વાહ રે પોલીસ... કાળા બજારીયાઓનાં મોંઢાં સંતાડ્યાં

# સાબરકાંઠા એલ.સી.બી. ટીમે રેમડેસિવિર ઈન્જેક્શનનું કાળા બજાર કરતા ૪ ઈસમોને દબોચ્યા

## આરોપીઓ પાસેથી 3 ઈન્જેક્શન સહિત કુલ રૂા.૧.૨૨ લાખનો મુદ્દામાલ જપ્ત

બાયડ / હિંમતનગર, તા.૩૦

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કોરોનાના કારણે ટપોટપ દર્દીઓ મોતને ભેટી રહ્યા છે. રેમડેસિવિર ઈન્જેક્શનનું ધુમ કાળા બજાર થતું હોવાના અખબારી અહેવાલ પછી એકાએક એક્શનમાં આવેલી સાબરકાંઠા એલ.સી.બી. ટીમે બાતમીના આધારે રેમડેસિવિર ઈન્જેક્શનનું કાળા બજાર કરતા ૪ આરોપીઓને ૩ ઈન્જેક્શન સાથે ઝડપી લીધા છે. તેમની પાસેથી જપ્ત કરાયેલા મોબાઈલ ફોનમાં ઘણા રહસ્યો હોવાની આશંકા છે. પરંતુ એલ.સી.બી. તપાસમાં મોટા રેકેટનો પર્દાફાશ કરશે કે પછી આ પ્રકરણ પણ સમેટાઈ જશે..?? કાળા બજારીયાઓને પ્રજા સમક્ષ ખુલ્લા કરવાના બદલે પોલીસે કાળા બજારીયાઓનાં મોંઢાં સંતાડતાં પ્રજામાં આક્રોશ જોવા મળ્યો.

**આરોપીઓ..**

દિનેશભાઈ જીવાભાઈ વણકર
(રહે.બી-૨૫, અનંતવિહાર સોસાયટી, હિંમતનગર, મૂળ રહે.ગોધમજી, તા.ઈડર)
પિયુષ અંબાલાલ પટેલ
(રહે.૧૧૦, સુભાષનગર, સહકારી જીન, મૂળ રહે.કરણપુર, તા.હિંમતનગર)
ઉત્તમ જ્યંતિભાઈ સોલંકી
(રહે.ટેલિફોન સોસાયટી, સિદ્ધાર્થનગર, હિંમતનગર)
કમલેશ ધર્માભાઈ રાઠોડ
(રહે.ગોધમજી, તા.ઈડર)
જ્યારે અન્ય વોન્ટેડ આરોપી સચિન.

બનાવટી ચલણી નોટ, બનાવટી દવાઓનો વેપલો, બનાવટી ડિગ્રી સર્ટીફીકેટ વગેરે પ્રવૃત્તિથી જિલ્લો બદનામ થયેલો છે. હવે સમય બદલાયો છે. તાજેતરમાં જ વડોદરા પોલીસે બનાવટી રેમડેસિવિર ઈન્જેક્શન બનાવતી ટોળકીને ઝડપીને તેમની તસવીરો જાહેર કરી જેથી પ્રજાને પણ ખબર પડે કે મોતના સોદાગરો કોણ હતા. પરંતુ સાબરકાંઠા પોલીસને રેમડેસિવિર ઈન્જેક્શનનું કાળા બજાર કરનારાઓ ઉપર એવું કેમ હેત વરસાવ્યું કે પ્રેસ કોન્ફરન્સ યોજીને કાળા બજાર કરનારા ઈસમોની માહિતી આપી પરંતુ તેમના મોંઢાં સંતાડી રાખ્યાં..?? ઈન્જેક્શનના કાળા બજારના રેકેટમાં બહાર આવેલી વિગતો અનુસાર જિલ્લામાં કોરોનાગ્રસ્ત દર્દીઓની સંખ્યા વધી અને ઈન્જેક્શનની અછત ઉભી થઈ હતી અને કેટલાક ઈસમો ઈન્જેક્શનનું કાળા




બજાર કરી રહ્યા છે તેવી વિગતો મળેલી જેમાં એનેસ્થેટીક ડૉક્ટરના ખાનગી આસીસ્ટન્ટ ઉત્તમ જયંતિભાઈ સોલંકી ગેરકાયદેસરીતે રેમડેસિવિર ઈન્જેક્શનનું વેચાણ કરે છે જે બાતમી આધારે એલ.સી.બી. પી.એસ.આઈ., જે.પી.રાવે ખાનગી માણસો દ્વારા ડીકોઈ ગોઠવી ઉત્તમ સોલંકીને ટેલિફોનિક વાત કરાવતાં તેને રેમડેસિવિર ઈન્જેક્શન લેવા સહકારી જીન ચાર રસ્તા આવી જવા જણાવ્યું અને રૂા.૩૦ હજારનો ભાવ જણાવતાં ખાનગી માણસે ૩ ઈન્જેક્શનની જરૂરીયાત હોઈ વ્યાજબી ભાવ કરવા જણાવ્યું અને એક ઈન્જેક્શનના રૂા.૨૫,૦૦૦ લેખે ૩ ઈન્જેક્શનના રૂા.૭૫,૦૦૦માં આપવા માટે સંમત થતાં ખાનગી માણસને પોતે તેને કઈ રીતે ઓળખે તે બાબતે પૂછતાં ગ્રે કલરનું જી.જે.૨૭-સીજી-૫૬૨૧ નંબરનું એક્ટિવા લઈ ત્યાં સહકારી જીન, ચાર રસ્તા ખાતે હોવાનું જણાવતાં એલ.સી.બી.ના સ્ટાફ તથા ઔષધ નિરીક્ષક વગેરે ગોઠવાઈ ગયા હતા અને અગાઉથી વાત થયા મુજબ પૈસાની માંગણી કરતાં તેની સાથે આવેલા ઈસમ સાથે બે જણને ઝડપી લેવામાં આવ્યા હતા ત્યારબાદ સ્થળ ઉપર જ તેમની પૂછતાછ કરતાં ઈન્જેક્શન ક્યાંથી લાવ્યા તે અંગે યોગ્ય જવાબ ન આપતાં તેમની પાસેથી રૂા.૨૮૯૯ ની કિંમતના ૩ ઈન્જેક્શનનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. જ્યારે તાબાના ડ્રગ ઈન્સ્પેક્ટરે પણ ઈન્જેક્શનની ખરાઈ કરી હતી. આમ હિંમતનગરમાં રેમડેસિવિર ઈન્જેક્શનનું કાળા બજાર કરનારી ટોળકી ઝડપાઈ ગઈ છે તેમની પાસેથી ઈન્જેક્શન ઉપરાંત ૪ મોબાઈલ ફોન, એક્ટિવા, મોટરસાયકલ સહિત કુલ રૂા.૧,૨૨,૮૯૯નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

### નિતેષ દવેએ વેચેલાં નકલી રેમડેસિવિર ઈન્જેક્શન જિલ્લામાં આવ્યાની આશંકા

બાયડ : અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે નકલી રેમડેસિવિર ઈન્જેક્શન વેચતા કાળા બજારીયાઓને દબોચ્યા છે જેમાં રાજ વોરાની અટકાયત પછી નિતેષ જોષીનું નામ બહાર આવ્યું હતું. ક્રાઈમ બ્રાન્ચે અમદાવાદના વસ્ત્રાપુરમાં આવેલી હોટલ હયાતમાંથી નિતેષ જોષીને દબોચવા ગઈ ત્યારે તેની પાસેથી નકલી ઈન્જેક્શન વેચીને ભેગા કરેલા રૂા.૨૧ લાખ મળી આવ્યા હતા તેમજ ૪૧૭ ઈન્જેક્શન તેને બજારમાં વેચ્યાનું કબુલ્યું છે આ જોતાં પાછલા એક પખવાડીયામાં સાબરકાંઠા, અરવલ્લીના અનેક દર્દીઓને અમદાવાદથી રેમડેસિવિર ઈન્જેક્શન બ્લેકમાં મેળવ્યા હતા તે મોટાભાગે નકલી હોવાની આશંકા છે અને તેના કારણે જ જિલ્લામાં મૃત્યુ દર ભયજનક રીતે ઉંચકાયાની આશંકા છે.

# પ્રજાએ જમીની સ્તરના લોકસેવક ગુમાવ્યા : અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠનના ૨ પૂર્વ પદાધિકારીઓને કોરોના ભરખી ગયો

## એસ.એમ.ખાંટ અને ગુણવંતભાઈ ત્રિવેદીના નિધનથી કાર્યકરોમાં શોક છવાયો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૦

અરવલ્લી જિલ્લામાં કોરોનાનો કાળો કેર વર્તાઈ રહ્યો છે. પાછલા ૧૨ કલાકમાં અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠનના ૨ પૂર્વ પદાધિકારીઓને કોરોના ભરખી જતાં ભાજપના કાર્યકરોમાં શોક છવાયો છે. બંન્ને પૂર્વ સંગઠન હોદ્દેદારોની ખાસીયત એ હતી કે તેઓ સતત કાર્યકરો વચ્ચે રહીને પ્રજાની સમસ્યાને સાંભળતા અને તેનું નિરાકરણ લાવતા. પ્રજાએ જમીની સ્તરના લોકસેવક ગુમાવ્યાની વ્યથા વ્યક્ત કરી છે. ભાજપ સંગઠનના પૂર્વ મહામંત્રી એસ.એમ.ખાંટ(બાયલઢાંખરોલ) અને પૂર્વ ઉપપ્રમુખ ગુણવંતભાઈ ત્રિવેદી(ભિલોડા)ના મોતથી જિલ્લા ભાજપ સંગઠનને મોટી ખોટ પડી છે.

હોદ્દા તો ગમે તેને મળી જાય પરંતુ હોદ્દો મળ્યા પછી તેને યોગ્ય ન્યાય આપવો અઘરો છે. અગાઉની ટર્મમાં અરવલ્લી જિલ્લા ભાજપ



સંગઠનના મહામંત્રી એસ.એમ.ખાંટ, ઉપપ્રમુખ ગુણવંતભાઈ ત્રિવેદીએ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં તેમને જે વિસ્તારમાં કામગીરી સોંપવામાં આવી હતી ત્યાં નેત્ર દિપક કામગીરી કરી ઉમેદવારોને જીતાવડવામાં સિંહફાળો રહ્યો હતો. સદાય કાર્યકરોને સ્મિત આપીને આવકારતા, દરેક કાર્યકરની ભાવનાઓની કદર કરતા. પરંતુ તાજેતરમાં જ ભાજપ સંગઠનના પૂર્વ પદાધિકારીઓને કોરોનાનો ચેપ લાગતાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા અને સારવાર દરમ્યાન જ બંન્નેનાં અકાળે મોત નિપજતાં ભાજપ સંગઠનમાં શોકનું મોજુ ફરી વળ્યું છે. અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્રભાઈ પટેલ, પૂર્વ પ્રમુખ ભરતસિંહ રહેવર, રણવીરસિંહ ડાભી, સંગઠન મહામંત્રી શૈલેષભાઈ ભોઈ, ભીખાજી ડામોર, હસમુખભાઈ પટેલ, જિલ્લા પ્રેસ મીડીયા કન્વિનર પ્રભુદાસભાઈ પટેલ વગેરેએ પણ ઉંડા શોકની લાગણી વ્યક્ત કરી છે.

# મોતનો સોદો : સાબરકાંઠા, અરવલ્લીમાં નકલી રેમડેસિવિર ઈન્જેક્શન ઠલવાયાની આશંકા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૦

કોરોનાના કપરા કાળમાં કોરોનાગ્રસ્ત દર્દીને બચાવવા માટે ઠેકઠેકાણે માનવતાની અનોખી તસવીરો સામે આવી રહી છે ત્યારે મોતના સોદાગરોએ રાજ્ય સહિત સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં નકલી રેમડેસિવિર ઈન્જેક્શન ઠાલવીને માતબર નફો રળ્યાની આશંકા છે. ચકોર તંત્ર કુંભકર્ણની નિંદ્રામાં પોઢ્યા જેવી સ્થિતિ છે કે પછી તંત્રના આંખ આડા કાન હતા..!! રેમડેસિવિરની અછત છતાં જિલ્લાના કેટલાક વિસ્તારોમાં ઈન્જેક્શન બ્લેકમાં રૂા.૨૦ થી ૩૦ હજારના ભાવે વેચાઈ રહ્યા છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર

### ચકોર તંત્ર કુંભકર્ણની નિંદ્રામાં, રેમડેસિવિરની અછત છતાં બ્લેકમાં વેચાઈ રહેલા ઈન્જેક્શન

વડોદરા પોલીસે કોરોનાના દર્દીઓ માટે ઉપયોગમાં લેવાતા રેમડેસિવિર ઈન્જેક્શનનો જથ્થો ઝડપ્યો હતો અને તપાસ દરમ્યાન નકલી ઈન્જેક્શન હોવાનું બહાર આવ્યું છે. વડોદરાના રાવપુરાના ફાર્મહાઉસમાં નકલી રેમડેસિવિર ઈન્જેક્શન બનાવી પેક કરીને તેનું વેચાણ કરવાનું ષડયંત્ર સામે આવ્યું છે. દબોચાયેલા આરોપીઓએ અત્યાર સુધીમાં ૧૧૬૦ ઈન્જેક્શનનો વેપલો કર્યાનું સ્વીકાર્યું છે. ત્યારે છેલ્લા કેટલાક દિવસથી બાયડ, મોડાસા, હિંમતનગરના કોરોનાગ્રસ્ત દર્દીઓના સગાઓએ જિલ્લામાં રેમડેસિવિર ઈન્જેક્શનની અછત હોવાથી રૂા.૨૦ થી ૩૦ હજારના ભાવે એક ઈન્જેક્શન વડોદરા અને અંકલેશ્વર વિસ્તારમાંથી ખરીદી લાવ્યા હતા. પરંતુ ઈન્જેક્શન આપ્યા પછી પણ કેટલાક દર્દીઓની હાલત વધુ ક્રિટીકલ બની છે અનો કેટલાક દર્દીઓના મોત નિપજ્યાનું જાણવા મળ્યું છે. આ સંજોગોમાં વડોદરામાં તૈયાર થઈ રહેલા નકલી ઈન્જેક્શન જિલ્લામાં પણ બોરોકટોક ઠલવાયાની આશંકા છે.

# દહેશતનો માહોલ : ભિલોડા બન્યું સેમી વુહાન, ૨૪ કલાકમાં કોરોનાથી ૯ નાં મોત

## ભિલોડા ઉપરાંત ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાનું સંક્રમણ બેકાબુ

ભિલોડા / બાયડ, તા.૩૦

અરવલ્લીના ભિલોડામાં કોરોનાનું સંક્રમણ બેકાબુ બન્યું છે. પાછલા ૨૪ કલાકમાં કોરોનાથી ભિલોડામાં ૯ નાં મોત નિપજતાં સેમી વુહાન જેવું ભયાનક ચિત્ર સામે આવ્યું છે. સરકારી કોવિડ અને ખાનગી હોસ્પિટલમાં બેડ અને ઓક્સિજનની અછતની હૈયાવરાળ સામે આવી છે. ગ્રામ્ય વિસ્તારોમાં પણ કોરોનાનું સંક્રમણ બેકાબુ બનતાં આગામી પખવાડીયું ભિલોડા તાલુકાની પ્રજા માટે અગ્નિ પરીક્ષારૂપ બની શકે છે.

જિલ્લાના મોડાસા, બાયડ પછી ભિલોડા પંથકમાં કોરોનાનો ક્રૂર પંજો ફરી વળ્યો છે. ભિલોડાના બ્રહ્મ સમાજના અગ્રણી અને ભાજપના કુશળ સંગઠનકાર ગુણવંતભાઈ ત્રિવેદીને કોરોના ભરખી ગયો છે તદ્ઉપરાંત બે કેમીસ્ટોના પણ કોરોનાથી મોત નિપજ્યા છે. એક પછી એક નવા વિસ્તારોમાં કોરોનાનું સંક્રમણ જીવલેણ સાબિત થયું છે. સમગ્ર જિલ્લામાં રોગચાળો બેકાબુ બન્યો હોય ત્યારે પણ ભિલોડામાં પ્રજાનું આરોગ્ય જોખમાતું ન હતું પરંતુ કોરોનાગ્રસ્ત વિસ્તારમાંથી માદરે વતન આવેલા લોકોએ ગામડાઓને ચેપગ્રસ્ત કર્યા અને ગામડામાંથી ભિલોડામાં ખરીદી માટે આવતી પ્રજાના કારણે કોરોનાનું વિકરાળ સ્વરૂપ જોવા મળ્યું છે. ભિલોડામાં વેપારીઓએ સ્વયંભૂ સજ્જડ બંધ પાડ્યા પછી પણ સ્થિતિ બેકાબુ બની જતાં વેપારીઓ પણ હચમચી ઉઠ્યા છે.

# ઉત્તર ગુજરાતના અનેક વિસ્તારોમાં વાવાઝોડા સાથે વરસાદની સંભાવના

**કોરોના સામે બાથ ભીડતા તંત્ર સામે નવો પડકાર, 30 કી.મી.ની ઝડપે પવન ફુંકાવવાની વકી**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૦

કોરોના સામે બાથ ભીડતા ઉત્તર ગુજરાતના વહીવટી તંત્ર સામે નવો પડકાર આવ્યો છે. આગામી ૫ દિવસ દરમ્યાન ઉત્તર ગુજરાતના અનેક વિસ્તારોમાં પવન-વાવાઝોડા સાથે વરસાદની સંભાવના વ્યક્ત થઈ છે. ૩૦ થી ૪૦ કી.મી.ની ઝડપે પવન ફુંકાય તેવી વકી છે. કોરોનાનો ફુંફાળો અને તેના કારણે વતન ગયેલા શ્રમજીવીઓ પાછા આવ્યા નથી આ સંજોગોમાં વાવાઝોડા સાથેનો વરસાદ ખેડૂતોને પાયમાલ કરી શકે છે.

ઉત્તર ગુજરાતના તાપમાનમાં અનેક ચઢાવ-ઉતાર આવી રહ્યા છે. છેલ્લા ૨ દિવસથી તાપમાનનો પારો ૪૨ ડિગ્રીને લગોલગ આંબ્યો છે અને સવારમાં આકાશમાં કાળાં ડીબાંગ વાદળોની જમાવટ અને ઠંડા પવન અનુભવાય છે. એક રીતે મિશ્ર ઋતુ જેવું વાતાવરણ હોવાથી વાયરલ દર્દીઓની સંખ્યામાં ઉછાળાની દહેશત છે. જ્યારે કોરોનાના દર્દીઓમાં પણ વાયરલ દર્દી જેવા લક્ષણ હોવાના કારણે પ્રજામાં કોરોનાનો ભય વધુ હાવિ થઈ શકે છે. અરબી સમુદ્રમાં સાયક્લોનિક સરક્યુલેશનના કારણે સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ સહિતના જિલ્લાઓમાં વાવાઝોડા, પવન સાથે વરસાદ પડે તેવી સંભાવના છે. સરકાર દ્વારા ટેકાના ભાવે ઘઉંની ખરીદી ગત સપ્તાહથી બંધ કરાઈ છે જેથી ખેડૂતોના આંગણે અને ખેતરમાં ઘઉંના ઢગ ખડકાયેલા છે. સૂકો ઘાસચારો પણ ખેતરમાં છે આ સંજોગોમાં વાવાઝોડા સાથે વરસાદ વરસે તો ખેડૂતો વધુ પાયમાલ બની જવાની દહેશત સેવાય છે.

## હાહાકાર...

# તલોદના પુંસરીમાં મંદિરના પુંજારીનું કોરોનાથી મોત, સંક્રમિત લોકોની સંખ્યામાં વધારો

### ૧૦ દિવસમાં પંડ્યા પરિવારમાં ૫ નાં મોત

તલોદ, તા.૩૦

તલોદ તાલુકાના પુંસરીમાં કોરોનાએ હાહાકાર મચાવ્યો છે. ગત રોજ કોરોનાગ્રસ્ત પુંસરી રામદેવ મંદિરના પુંજારી કેશાભાઈ વિઠ્ઠલભાઈ પંડ્યાનું



મોત નિપજ્યું છે. આ સાથે ૧૦ દિવસમાં માત્ર પંડ્યા પરિવારમાં ૫ જણના કોરોનાથી મોત નિપજ્યા છે. સંક્રમિત લોકોની સંખ્યામાં વધારો થયો છે ત્યારે પ્રજાએ હવે સોશ્યલ ડિસ્ટન્સ જાળવવાની સાથે માસ્કનો ફરજીયાત ઉપયોગ કરવો અને અનિવાર્ય સંજોગો સિવાય બહાર ન નિકળવું જોઈએ જેથી કોરોનાને હરાવી શકાય.

### મૃતક પુંજારીના એકના એક પુત્રને કિડનીની બિમારી

તલોદ : પુંસરી રામદેવ મંદિરના પુંજારીનું કોરોનાથી મોત નિપજતાં સમગ્ર પંથકમાં કોરોનાનો ભય હાવિ થઈ ગયો છે. જાણવા મળ્યા મુજબ પુંજારીના એકના એક પુત્રને પણ કિડનીની બિમારી છે જેથી મૃતકના પરિવારને મદદ માટે સમાજના કેટલાક આગેવાનોએ અપીલ કરી છે.

એક પછી એક શહેરી વિસ્તારો પછી ગ્રામ્ય વિસ્તારો કોરોનાના ચેપથી તબાહ થઈ રહ્યા છે. પાછલા ૧૦ દિવસમાં ગ્રામ્ય વિસ્તારોમાં પણ કોરોનાના દર્દીઓ મોતને ભેટી રહ્યા છે તે સંખ્યામાં ઉછાળો આવ્યો છે. ગામડાઓમાં કોરોનાનું સંક્રમણ શહેરી વિસ્તારમાં પણ મોટી આફત નોંતરી શકે છે કારણ કે ગામડામાંથી શાકભાજી, દૂધ શહેરી વિસ્તારમાં ઠલવાય છે તેમજ ગ્રામ્ય પ્રજા કરીયાણા, કાપડ તેમજ ઘર સજાવટની વસ્તુ ખરીદવા માટે તાલુકા મથકે જતી હોય છે. જેથી આવનારા દિવસોમાં સાવધ નહીં રહીએ તો ગામડામાં પણ કોરોના આતંક મચાવી શકે છે. પુંસરીના કેશાભાઈ પંડ્યા કોરોનાથી સંક્રમિત થયા હતા અને ત્યારબાદ તેમનું મોત નિપજ્યું છે.

માસ્ક સાથે બે ગજનું અંતર જાળવીએ
આપણે સુરક્ષિત, તો રાષ્ટ્ર સુરક્ષિત
કોવિડ-૧૯ સંક્રમણના આ કપરા કાળમાં વધુ એક વાર ૭૧.૫૪ લાખથી વધુ NFSA રેશનકાર્ડ ધારકોની ૩.૪૭ કરોડની જનસંખ્યાને મે અને જૂન મહિના માટે



**પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ વિનામૂલ્યે અન્ન વિતરણ**



મે મહિનાના વિતરણનો તા. ૧૧ મે-૨૦૨૧, મંગળવારથી પ્રારંભ

રાજ્યના સીમાડા હવે કોઈને પણ અન્નથી વંચિત નહીં રાખી શકે
**વન નેશન, વન રાશનકાર્ડ યોજના**

દેશના અન્ય રાજ્યોના N.F.S.A. રેશનકાર્ડ ધારકો ગુજરાત રાજ્યમાં પણ અન્ન પુરવઠો મેળવી શકશે
ગુજરાતના કોઈપણ ગામ કે શહેરમાંથી રેશનકાર્ડ કઢાવ્યું હોય, પરંતુ ધંધા-રોજગારને લીધે અન્ય ગામ કે શહેરમાં વસવાટ કરતા લાભાર્થી સમગ્ર રાજ્યમાં કોઈપણ ગામ કે શહેરમાં આવેલ વાજબી ભાવની દુકાનેથી અન્ન પુરવઠો મેળવી શકશે
લાભાર્થી પોતાના બન્ને હાથના અંગૂઠા કે આંગળી પૈકી કોઈપણ હાથના અંગૂઠા/આંગળીનો ઉપયોગ કરી પોતાની ઓળખ આપી અનાજ મેળવી શકશે

• અન્ન વિતરણ વ્યવસ્થા સરળતાથી કાર્યરત રહે તે માટે તા.૧૧ મે થી ૨૦ મે-૨૦૨૧ દરમ્યાન (રેશનકાર્ડ બુકલેટ નંબરમાં પાછલા આંકડાની સંખ્યા એટલે કે છેલ્લે ૨૧ હોય તો ૧ નંબર સમજવો) નીચે મુજબ નિયમિત અને પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાના વિતરણના દિવસો નિર્ધારીત રહેશે

રેશનકાર્ડ બુકલેટ નંબર : XXXXX XXXX1

**NFSA રેશનકાર્ડ ધારકોના કાર્ડ નંબરમાં**
છેલ્લા આંકડાનો નંબર ૧ હોય તેમને તા. ૧૧ મે
છેલ્લા આંકડાનો નંબર ૨ હોય તેમને તા. ૧૨ મે
છેલ્લા આંકડાનો નંબર ૩ હોય તેમને તા. ૧૩ મે
છેલ્લા આંકડાનો નંબર ૪ હોય તેમને તા. ૧૪ મે
છેલ્લા આંકડાનો નંબર ૫ હોય તેમને તા. ૧૫ મે
છેલ્લા આંકડાનો નંબર ૬ હોય તેમને તા. ૧૬ મે
છેલ્લા આંકડાનો નંબર ૭ હોય તેમને તા. ૧૭ મે
છેલ્લા આંકડાનો નંબર ૮ હોય તેમને તા. ૧૮ મે
છેલ્લા આંકડાનો નંબર ૯ હોય તેમને તા. ૧૯ મે
છેલ્લા આંકડાનો નંબર ૦ હોય તેમને તા. ૨૦ મે
અનિવાર્ય સંજોગોમાં જો કોઈ લાભાર્થી નિયત કરેલ દિવસે વાજબી ભાવની દુકાનેથી તેઓને મળવાપાત્ર આવશ્યક ચીજવસ્તુઓનો જથ્થો મેળવી ન શકે તો તેઓ તા.૨૧ મે થી ૩૧ મે ૨૦૨૧ સુધીમાં વાજબી ભાવની દુકાન ખાતેથી મેળવી શકશે

**પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના**
"રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદા" હેઠળના NFSA (AAY+PHH) રેશનકાર્ડ ધારકને મે-૨૦૨૧માં રાહતદરનાં નિયમિત જથ્થા ઉપરાંત પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ વ્યક્તિદીઠ ૩.૫ કિ.ગ્રા. ઘઉં અને ૧.૫ કિ.ગ્રા. ચોખા વિનામૂલ્યે મળશે

**જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ (ઘઉં, ચોખા, તુવેરદાળ, ખાંડ અને મીઠા)નું મે મહિનાનું નિયમિત વિતરણ તા.૧૧ મે થી નીચે મુજબના રાહતદરેથી શરૂ થશે**

| ક્રમ | કેટેગરી | વસ્તુ | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા રૂ.પૈસા |
|---|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો | ઘઉં | કાર્ડ દીઠ ૨૫ કિ.ગ્રા | ૨.૦૦ |
| | | ચોખા | કાર્ડ દીઠ ૧૦ કિ.ગ્રા | ૩.૦૦ |
| | | તુવેરદાળ | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા | ૬૧.૦૦ |
| ૨ | અગ્રતા ધરાવતા કુટુંબો | ઘઉં | વ્યક્તિદીઠ ૩.૫ કિ.ગ્રા | ૨.૦૦ |
| | | ચોખા | વ્યક્તિદીઠ ૧.૫ કિ.ગ્રા | ૩.૦૦ |
| | | તુવેરદાળ | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા | ૬૧.૦૦ |

| ક્રમ | કેટેગરી | વસ્તુ | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા રૂ.પૈસા |
|---|---|---|---|---|
| ૩ | બીપીએલ | ખાંડ નિયમિત | વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા | ૨૨.૦૦ |
| ૪ | અંત્યોદય | ખાંડ નિયમિત | ૩ વ્યક્તિ સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા<br>૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા | ૧૫.૦૦ |
| ૫ | અંત્યોદય અને બીપીએલ | આયોડાઈઝ મીઠું | ૬ વ્યક્તિ સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા<br>૬ થી વધુ વ્યક્તિ માટે કાર્ડદીઠ ૨ કિ.ગ્રા | ૧.૦૦ |
| ૬ | કેરોસીન પાત્રતા ધરાવતા બીપીએલ અને અંત્યોદય કાર્ડધારકો | કેરોસીન | વ્યક્તિદીઠ ૨ લીટર / મહત્તમ ૮ લીટર | સ્થાનિક રીતે કલેક્ટરશ્રીએ નક્કી કરેલ રાહતદરે (પ્રતિ લીટર) |

માસ્ક પહેરો
હાથ વારંવાર સાબુ કે સેનેટાઈઝરથી સાફ કરો
બે મીટરનું અંતર રાખો

કોરોના વાયરસથી બચવા અન્ન મેળવતી વખતે માસ્ક જરૂર પહેરીએ તથા ખોટી ભીડ ન કરીએ અને સોશિયલ ડિસ્ટન્સિંગનું ચુસ્તપણે પાલન કરીએ - શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત